# વૈશ્વિકીકરણની આર્થિક અસમાનતા અને ગરીબી પર અસર

દિનેશ જી. લકુમ

પ્રવર્તમાન સમયમાં વૈશ્વિકીકરણનો પ્રભાવ અસાધારણ છે. વૈશ્વિકીકરણના કારણે વિવિધ ક્ષેત્રોમાં નવી ટેકનોલોજી,નવી પદ્ધતિઓ તથા નવાં–નવાં સંશોધનો થતાં કાર્ય પદ્ધતિનો વ્યાપ ખૂબ જ વધ્યો છે. વૈશ્વિકીકરણના કારણે વિદેશી મૂડીરોકાણમાં વધારો થયો છે. તેના કારણે વિદેશી હૂંડીયાોણમાં પણ વધારો થયો છે. વાહનવ્યવહાર, સંદેશાવ્યવહાર વગેરે ક્ષેત્રો વિકસ્યા છે. મોટા ભાગના દેશોએ ઉદારીકરણની નિતી અપનાવી છે અને વેપાર મુકત બન્યા છે. બેંકીગ ક્ષેત્ર નિયમનોમાંથી મુકત થયું છે. વૈશ્વિકીકરણનો અર્થતંત્ર ઉપર મોટો પ્રભાવ પડયો છે. વૈશ્વિક સ્પર્ધામાં વધારો થયો છે. પણ માત્ર ગણતરીના લોકો પાસે સંપત્તિની જમાવટ થતાં અસમાનતા અને ગરીબીમા વધારો થયો છે. વૈશ્વિકીકરણ ૧.માહિતી ૨.ટેકનોલોજી ૩.આંતરીક અને આંતરરાષ્ટ્રીય વેપાર ૪.દેશી અને વિદેશી મૂડી ૫.મલ્ટીનેશનલ કંપનીઓનો વ્યાપ વગેરે બાબતો પર ઊભું થયું છે. તે ગરીબો તરફી છે કે ગરીબો વિરોધી છે તે પ્રશ્ન અર્થકારણનો છે.

વૈશ્વિકીકરણની પ્રક્રિયાને ગરીબો તરફી બનાવવામાં માત્ર અર્થકારણનો જ નહીં પણ પોલિટીકલ ઈકોનોમીનો મુદ્દો પણ ખડો થાય છે. દુનિયાના ધનિક સત્તાધીશ દેશો અને ગરીબ દેશોના સત્તાધીશ લોકો વૈશ્વિકીકરણના મોટા ભાગના લાભો મેળવે છે. ગરીબો સુધી પહોંચે છે. ઇ.સ. ૧૯૮૦ થી વૈશ્વિકીકરણની પ્રક્રિયાની શરૂઆત ગણીએ તો ઈ.સ૧૯૮૧ થી ઈ.સ. ૨૦૦૧ ના વીસ વર્ષ દરમિયાન દરરોજના એક ડોલર પર નભતાં લોકોની સંખ્યા ૪૧ ટકાથી ઘટીને ૨૧ ટકા થઈ ગઈ હતી તે કબૂલ કરવું પડે. જોકે ચીનની અદ્‌ભૂત પ્રગતીનો જોવા મળી છે. ચીનમાં આ ગાળા દરમિયાન ગરીબી ઘટી હતી પરંતુ આફ્રિકાના ગરીબોની સંખ્યા અને ટકાવારી બન્ને વધ્યાં હતાં. આમ વૈશ્વિકીકરણ જીતનારા અને હારનારા વર્ગો ઊભા કરે છે. તેમાં અમુક દેશો જેવા કે લેટીન અમેરિકા અને આફ્રિકાના દેશો હારે છે અને અમેરિકા યુરોપના તથા ચીન જેવા દેશો જીતે છે. ભારતે પણ ઈ.સ ૧૯૯૧ પછી આર્થિક ક્ષેત્રે સડસડાટ પ્રગતિ કરી છે. વિકાસના લાભ ભારતભરમાં બધાને મળ્યા નથી પણ ભારતમાં ગરીબોની સંખ્યા ઘટી છે તે **મુદ્દો** વૈશ્વિકીકરણની તરફેણમાં જાય છે.

વૈશ્વિકીકરણ મુકત વેપાર,મુકત મૂડીરોકાણ અને મુકત બજારોના સિધ્ધાંત પર કામ કરે છે. આર્થિક રીતે મુકતપણું વિદેશી મૂડી,વિદેશી ટેકનોલોજી અને વિદેશી વસ્તુઓને દેશમાં આકર્ષે છે. વિદેશી મૂડી અને વિદેશી ટેકનોલોજી દેશના ઉત્પાદનમાં વધારો કરે છે અને માલની ગુણવત્તા સુધરે છે. માલની ગુણવત્તા સુધરે તો દેશમા માંગ વધે છે જેના કારણે પૂરવઠો વધારવો પડે પૂરવઠો વધારવા માટે ઉત્પાદન વધારવું પડે. ઉત્પાદન વધતાં રોજગારી વધે છે. રોજગારી વધે છે તેથી લોકોની આવક વધે છે આવક વધતાં દેશનો આર્થિક વૃધ્ધિદર વધે છે. જે ગરીબીમાં ઘટાડો લાવે છે.

ભારત અને ચીન જેવા દેશો અમુક વસ્તુઓના ઉત્પાદનમાં કુશળતા કેળવી તેની નિકાસમાં વધારો કરી વિદેશી હૂંડિયામણ કમાય છે.આ હૂંડિયામણ તેમજ વિદેશી મૂડીને કારણે દેશમાં નવી નવી ટેકનોલોજી દાખલ થાય છે અને તેના કારણે રોજગારી વધે છે અને રોજગારી વધતાં લોકોની ખરીદશકિત વધે છે અને

તેના પરિણામે દેશનું અને વિદેશી મૂડીરોકાણ વધે છે જે પાછી નવી રોજગારી વધારે છે.જે ગરીબી ઘટાડવામાં મહત્ત્વનું કારણ બને છે. ચીને તો આર્થિક વિકાસના ક્ષેત્રમા ઉપરના મોડેલથી કમાલ કરી છે અને એક અહેવાલ પ્રમાણે ગરીબીના દરને શૂન્યની નજીક લાવી દીધો છે.ભારતે તો ખુલ્લી વ્યાપારની નીતિને કારણે આઈ.ટી. ક્ષેત્રમાં અણધારી પ્રગતિ કરી છે.પરંતુ અહી મુખ્ય સવાલ આર્થિક વિકાસના વૃધ્ધિદરને લગતો નથી. શું તે આવકની અસમાનતા તથા ગરીબી ઘટાડી શકે તેમ છે કે નહી તે મુખ્ય સવાલ છે.

## આર્થિક વિકાસ,અસમાનતા અને ગરીબીની શ્રૃંખલા

આપણે અર્થકારણમાં ખુલ્લાપણું અને આર્થિક વિકાસનો સંબંધ જોયો હવે આર્થિક વિકાસ , અસમાનતા અને ગરીબીની શ્રૃંખલા તપાસીએ. આપણા દેશની ઔધોગીકરણની વર્તમાન ગતિ ઠીક તો નથી જ.વિદેશી ઉધોગના ભારતમાં પ્રવેશની ઉદાર નીતિને કારણે સ્વદેશી ઉત્પાદકો માટે બજાર એકદમ સીમિત થઈ ગયું છે. વિદેશી ઉત્પાદકો આપણા બજાર પર રીતસરનો કબજો જમાવી આપણા દેશના ઉધોગો કબજે કરી રહ્યા છે. વિશ્વ વેપાર સંગઠનના દબાણ હેઠળ આપણી આર્થિક નીતિઓમાં ઘડતરને કારણે સ્વદેશી ઉધોગોનું સતત ધોવાણ થઈ રહ્યું છે. આ લોકો માટે આપણો દેશ બજાર માત્ર છે.તેઓ પોતાનો ઘણોખરો નફો દેશની બજાર લઇ જાય છે.માટે સ્વદેશી વસ્તુને દેશમાં જ પૂરતું બજાર મળી રહે તેવી વ્યવસ્થા કરવી જરૂરી છે.

ઈંગ્લેંન્ડના નિકોલસ કાલ્ડોરે તેમના ૧૯૫૬માં લખેલા 'ઓલ્ટરનેટીવ થીયરીઝ ઓફ ડિસ્ટ્રીબ્યુશન' નામના લેખમાં જણાવ્યુ હતું કે ધનીકો ગરીબો કરતાં વધુ બચત કરતા હોવાથી તેઓ દેશ માટે વધારે મૂડીરોકાણ કરે છે. આથી આર્થિક વિકાસદર વધે છે.આમ શરૂઆતની આવકની અસમાનતા આર્થિક વિકાસ માટે સહાયરૂપ છે.તે આર્થિક વિકાસની પૂર્વશરત છે.પણ હવે આ દલીલો સ્વીકારતા નથી તેમના મતે આવકની અસમાનતા આર્થિક વિકાસદરને વધારતી નથી પણ ઘટાડે છે.તેમના મતે આર્થિક અસમાનતા શિક્ષણ અને આરોગ્યની અસમાનતા ઊભી કરે છે.તેનાથી શરૂઆતની આર્થિક અસમાનતા આર્થિક વિકાસદર માટે સાધક નહી પણ બાધક છે. વર્લ્ડ બેન્કના ઘણા અભ્યાસો એમ દર્શાવે છે કે આર્થિક વિકાસ આવકની અસમાનતા માટે તટસ્થ છે.તેથી ગરીબ દેશો માટે આર્થિક વિકાસ સિવાય કોઈ આરો નથી. ટૂંકમા ગરીબોને આર્થિક વિકાસથી ફાયદો થાય છે પણ આર્થિક વિકાસ આવકની વહેંચણીની કઈ વ્યવસ્થા ઊભી કરે છે તે બાબત અગત્યની છે.અથી હવે અર્થશાસ્ત્રીઓ આર્થિક વિકાસને 'એક માત્ર ધ્યેય' માનવાના બદલે આર્થિક વિકાસ આર્થિક અસમાનતા વધારે છે કે ઘટાડે છે તે બાબતને વધુ ધ્યાનમાં લે છે. આર્થિક વૃધ્ધિદર વધે અને આર્થિક અસમાનતા ઘટે તેવા પ્રયાસો પર તેઓ કામ કરી રહ્યા છે.

આર્થિક વૃધ્ધિદરમાં વધારો અને આર્થિક અસમાનતામાં ઘટાડો આ બન્ને ધ્યેયો સિધ્ધ થાય એવા પ્રયત્નો વૈશ્વિક અર્થકારણમા થાય એ વધુ હિતાવહ છે.આ બાબતમા વિકસિત દેશોના અર્થશાસ્ત્રીઓ મુકત અર્થતંત્ર અને મુકત બજારના વૈચારીક માળખામાં રહીને જ સુધારાઓ સૂચવે છે.